શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮

Silver Health Check-up (સિલ્વર હેલ્થ ચેકઅપ)

~~Rs. 3700/-~~ Rs. 1500/-

- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- યુરિન (પેશાબ) (Urine Test)
- સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS
- કીડની તપાસ (Kidney Test) Creatinine, Blood Urea, Phosphorus, Electrolytes (Na+,K+CL-), Uric Acid, Calcium
- લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT, SGOT, Bilirubin
- કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol, Triglyceride)
- થાઈરોઈડ તપાસ (Thyroid Test) T3 T4 TSH
- સંધિવા તપાસ (Arthritis Test), RA Test
- ન્યુટ્રીયન તપાસ (Vitamin B12)
- છાતીની તપાસ (Chest X-Ray)
- હૃદયની તપાસ (Cardiac Test) ECG
- દાંતની તપાસ (Dental Checkups)
- એમ.ડી. ડોક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)

ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ કારતક વદ પાંચમ, રવિવાર ૯ નવેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# ડાયાબિટિશ અમેરિકામાં PR મેળવવામાં નડશે

**ડાયાબિટિસ**, હૃદયરોગ, સ્થૂળતા જેવી તકલીફો ધરાવતા લોકોને યોગ્ય મૂલ્યાંકન વિના વિઝા નહીં આપવાનું પોતાના વિશ્વભરના દૂતાવાસોને ટ્રમ્પ સરકારની સૂચના

**આવા** લોકો લાંબા ગાળે સરકાર પર આર્થિક બોજ વધારે તેવા ભયને કારણે લેવાયેલું પગલું, ખાસ કરીને કાયમી વસવાટ માટે મંજૂરી નહીં મળે

**વોશિંગ્ટન ડીસી, તા. 8:** ડાયાબિટીસ, મેદસ્વીતા, હૃદયરોગ અને કેન્સર જેવા રોગોથી પીડાતા લોકોને હવે અમેરિકામાં પ્રવેશવામાં મુશ્કેલી પડી શકે છે. અમેરિકી વિદેશ વિભાગે શુક્રવારે વિશ્વભરના અમેરિકી દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સને આદેશ આપ્યો છે કે, તેઓ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને અમેરિકામાં પ્રવેશ આપવા અથવા રહેવાની મંજૂરી ન આપે.

આ આદેશો 'પબ્લિક ચાર્જ' (સાર્વજનિક બોજ) નીતિ પર આધારિત છે, જેનો હેતુ અમેરિકી સરકારી સંસાધનો પર નિર્ભર બની શકે તેવા ઈમિગ્રન્ટ્સને રોકવાનો છે. આદેશમાં વિઝા અધિકારીઓને સલાહ આપવામાં આવી છે કે, તેઓ અરજદારોના સ્વાસ્થ્ય, ઉંમર અને નાણાકીય સ્થિતિની તપાસ કરે. જો કોઈ વ્યક્તિ ભવિષ્યમાં મોંઘી તબીબી સંભાળ અથવા સરકારી સહાય પર નિર્ભર બનવાની શક્યતા હોય તો તેમના વિઝા નકારી કાઢવામાં આવશે. અધિકારીઓને આપવામાં આવેલી સૂચનાઓમાં જણાવાયું છે કે, અરજદારના સ્વાસ્થ્યને ધ્યાનમાં લેવું મહત્ત્વપૂર્ણ છે. હૃદય રોગ, શ્વસન સમસ્યાઓ, કેન્સર, ડાયાબિટીસ, મેટાબોલિક રોગો, ન્યુરોલોજીકલ રોગો અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવી તબીબી પરિસ્થિતિઓ લાખો ડોલરની સંભાળની જરૂરિયાત ઊભી કરી શકે છે. આ ઉપરાંત, અધિકારીઓ સ્થૂળતા જેવી સ્થિતિઓ પર પણ ધ્યાન આપશે. કારણ કે, તે અસ્થમા, સ્લીપ એપનિયા અને હાઈ બ્લડ પ્રેશર જેવી સમસ્યાઓને વધારી શકે છે. આમાં પણ ખાસ કરીને કાયમી વસવાટ ઈચ્છતા લોકો પર વધુ ધ્યાન આપવા કહેવાયું છે.

નવી માર્ગદર્શિકા હેઠળ, અધિકારીઓએ એ નક્કી કરવું પડશે કે, શું સ્થળાંતર કરનાર વ્યક્તિ 'પબ્લિક ચાર્જ' બની શકે છે. એટલે કે, સરકારી સંસાધનો પર બોજ બની શકે છે અને શું તેમને મોંઘા લાંબા ગાળાની તબીબી સંભાળની જરૂર પડશે? અહેવાલ મુજબ, ''વિઝા અધિકારીઓને એ પણ તપાસ કરવાનું કહેવામાં આવ્યું છે કે, શું અરજદાર તેમના જીવનભર સરકારી સહાય વિના પોતાના તબીબી ખર્ચાઓ ઉઠાવી શકે છે કે નહીં. તેમ જ પરિવારના સભ્યો, જેમ કે બાળકો અથવા વૃદ્ધ માતાપિતાના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવું પડશે.'' જો કે ટ્રમ્પ પ્રશાસનના આ વિદેશ સામે વિરોધના પણ સૂર ઉઠ્યા છે. કેટલાકે મુદ્દો ઉઠાવ્યો છે કે અરજદારની તબીબી સ્થિતિનું મૂલ્યાંકન દૂતાવાસના અધિકારીઓ કઇ રીતે કરી શકે? તેઓ આરોગ્ય નિષ્ણાત નથી અને તેઓ પોતાના મર્યાદિત જ્ઞાન અને પૂર્વાગ્રહના આધારે મૂલ્યાંકન કરશે.

## અડવાણી 98 વર્ષના થયા, મોદીએ રૂબરૂ શુભેચ્છા આપી



**નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભાજપના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણીને મળીને તેમને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. વડા પ્રધાન મોદી અડવાણીના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમને ફૂલોનો ગુલદસ્તો અર્પણ કર્યો હતો. આ પહેલા આજે વહેલી સવારે મોદીએ સોશિયલ મીડિયા પર અડવાણીને વિશાળ દૃષ્ટિ ધરાવતા રાજનેતા તરીકે વર્ણવ્યા હતા. રાષ્ટ્રીય રાજકારણમાં ભાજપના એક સશક્ત નેતૃત્વકર્તા અડવાણી શનિવારે 98 વર્ષના થયા હતા. અડવાણીને આ વર્ષે ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા. મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''લાલકૃષ્ણ અડવાણીજીને તેમના જન્મદિવસ પર હાર્દિક શુભેચ્છાઓ. એક વિશાળ દૃષ્ટિ અને બુદ્ધિમત્તાથી સંપન્ન રાજનેતા અડવાણીજીનું જીવન ભારતની પ્રગતિને મજબૂત બનાવવા માટે સમર્પિત રહ્યું છે.'' વડા પ્રધાને ઉમેર્યું હતું કે, ''તેમણે હંમેશાં નિઃસ્વાર્થ ફરજ અને અડગ સિદ્ધાંતોની ભાવનાને મૂર્તિમંત કરી છે. તેમના યોગદાનથી ભારતના લોકશાહી અને સાંસ્કૃતિક પરિદૃશ્ય પર અમીટ છાપ પડી છે. ઈશ્વર તેમને ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ પ્રદાન કરે તેવી પ્રાર્થના.''

## દિલ્હી ફરી ગૂંગળાયું



**પ્રદુષણનું** સ્તર ૪૦૦ને વટાવી જતા દિલ્હી રેડ ઝોનમાં પ્રવેશ્યું

**રાજધાનીના** અનેક ભાગોમાં AQI ૪૦૦ને પાર ગયો

**દિલ્હીમાં** હવાના પ્રદૂષણમાં પરાળ બાળવાની પ્રવૃતિનો ફાળો 30 ટકા

**નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ):** દિલ્હીવાસીઓ દરેક દિવસે વધી રહેલી ઝેરી હવાનો સામનો કરી રહ્યા છે, જ્યારે આજે શનિવારે શહેરના ઘણા ભાગોમાં પ્રદૂષણનું સ્તર ૪૦૦ને વટાવી ગયું હતું, જેણે દેશની રાજધાનીને દેશના સૌથી પ્રદૂષિત શહેરોમાંનું એક બનાવ્યું છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ના આંકડા અનુસાર, દરરોજ સાંજે 4 વાગ્યે જેનો અહેવાલ અપાય છે તે 24 કલાકનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક (AQI) શનિવારે 361 હતો, જે દિલ્હીને 'રેડ ઝોન'માં મૂકે છે અને તે દેશનું બીજું સૌથી પ્રદૂષિત શહેર બન્યું છે. શહેરના ઘણા ભાગોએ પ્રદૂષણનું સ્તર સિવિયર કેટેગરીમાં નોંધ્યું છે. આજે મોનિટરિંગ સેન્ટરો ITO ખાતે ૪૦૨, નેહરુ નગર ખાતે ૪૦૬, વિવેક વિહાર ખાતે ૪૧૧, વઝીરપુર ખાતે ૪૨૦ અને બુરારી ખાતે ૪૧૮ એક્યુઆઇ દર્શાવ્યો હતો એમ સીપીસીબીના સમીર એપના ડેટા પરથી જાણવા મળ્યું હતું. CPCBના ડેટા અનુસાર, NCR ક્ષેત્રમાં, નોઈડામાં ૩૫૪, ગ્રેટર નોઈડામાં ૩૩૬ અને ગાઝિયાબાદમાં ૩૩૯ AQI નોંધાયું હતું, જે બધા 'વેરી પૂઅર' શ્રેણીમાં આવે છે. શુક્રવારે, દિલ્હીમાં ૩૨૨ AQI નોંધાયું હતું, જે દેશના સૌથી પ્રદૂષિત શહેરોમાં પ્રથમ ક્રમે છે. શનિવારે PM2.5 અને PM10 મુખ્ય પ્રદૂષકો રહ્યા હતા.

હવા ગુણવત્તા આગાહી માટે ડિસિઝન સપોર્ટ સિસ્ટમ (DSS) અનુસાર, આજે દિલ્હીના પ્રદૂષણમાં પરાળી બાળવાનો ફાળો લગભગ 30 ટકા હતો, જ્યારે પરિવહન ક્ષેત્રનો હિસ્સો 15.2 ટકા હતો. સેટેલાઇટ ડેટા દર્શાવે છે કે શુક્રવારે પંજાબમાં પરાળી બાળવાના 100, હરિયાણામાં 18 અને ઉત્તર પ્રદેશમાં 164 બનાવો બન્યા. દિલ્હી માટે એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમે આગાહી

...અનુસંધાન પાના 11 પર

# ટ્રમ્પ પ્રશાસને H-1B વિઝાના દુરુપયોગ અંગે ૧૭૫ તપાસ શરૂ કરી

**કામદારોને** ઓછું વેતન આપવું, કામનું સ્થળ ખોટું દર્શાવવું વગેરે ગેરરીતિઓની બાબતે વિવિધ સ્થળે તપાસ શરૂ કરાઇ

**શ્રમ** વિભાગ આ તપાસની વિગતો આપી શક્યું ન હોવાનું એક મીડિયા અહેવાલ જણાવે છે, જો કે શ્રમ વિભાગ કહે છે કે ઘણી ગેરરીતિઓ પકડી પાડી છે

**ન્યૂયોર્ક, તા. ૮(પીટીઆઇ):** અમેરિકાના ટ્રમ્પ પ્રશાસને એચ-૧બી વિઝના દુરુપયોગ અંગે ૧૭૫ જેટલી તપાસ શરૂ કરી છે, જેમાં ઓછા વેતન જેવા છીંડાઓ, કામના સ્થળનું અસ્તિત્વ જ ન હોવું અને કામદારોના બેન્ચિંગ કરવાની પ્રથા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર અનુસાર, આ તપાસ અમેરિકન નોકરીઓના રક્ષણ માટેના વ્યાપક પ્રયાસનો ભાગ છે. "અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવાના અમારા મિશનના ભાગ રૂપે, અમે H-1B વિઝાના દુરુપયોગ અંગે 175 તપાસ શરૂ કરી છે," એમ શ્રમ વિભાગે શુક્રવારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. તેમાં ઉમેર્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને શ્રમ મંત્રી લોરી ચાવેઝ-ડેરેમરના નેતૃત્વ હેઠળ, એજન્સી અમેરિકન કામદારોને પ્રથમ સ્થાન આપવા માટે પગલાં લેવાનું ચાલુ રાખશે. ચાવેઝ-ડેરેમરે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે શ્રમ વિભાગ "H-1B વિઝાના દુરુપયોગને રોકવા અને અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવા માટે અમારા દરેક સંસાધનનો ઉપયોગ કરી રહ્યું છે. @POTUS ના નેતૃત્વ હેઠળ, અમે અમારા કાર્યબળમાં રોકાણ કરવાનું ચાલુ રાખીશું અને ખાતરી કરીશું કે ઉચ્ચ-કુશળ નોકરીની તકો પ્રથમ અમેરિકન કામદારોને મળે!" ટ્રમ્પ વહીવટીતંત્રે H-1B વિઝા પ્રોગ્રામમાં દુરુપયોગને રોકવા માટે મોટા પાયે કાર્યવાહી શરૂ કરી છે, જેનો ઉપયોગ કંપનીઓ, ખાસ કરીને ટેકનોલોજી કંપનીઓ દ્વારા અમેરિકામાં વિદેશી કામદારોને રોજગારી આપવા માટે કરવામાં આવે છે. ભારતીય વ્યાવસાયિકો, જેમાં ટેકનોલોજી વર્કર્સ અને ચિકિત્સકોનો

...અનુસંધાન પાના 11 પર

# સંસદનું શિયાળુ સત્ર 1થી 19 ડિસેમ્બર સુધી

**વિપક્ષે** ફક્ત 15 કાર્યકારી દિવસો માટે ટીકા કરી

**નવી દિલ્હી, તા. ૮ (પીટીઆઈ):** કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શનિવારે જાહેરાત કરી હતી કે, સંસદનું શિયાળુ સત્ર ૧થી ૧૯ ડિસેમ્બર સુધી યોજાશે, વિપક્ષે તેને 'અસામાન્ય રીતે વિલંબિત' અને ટૂંકા સત્ર તરીકે વર્ણવ્યું છે.

ત્રણ અઠવાડિયાં સુધી ચાલનાર આ સત્રમાં કુલ ૧૫ બેઠકો હશે અને તે તોફાની બનવાની ધારણા છે. કારણ કે, તે ચૂંટણી પંચ દ્વારા ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદારયાદીઓના વિશેષ સઘન સંશોધન (એસઆઈઆર)ની વચ્ચે યોજાઈ રહ્યું છે, જેની સામે અનેક વિપક્ષી પક્ષોએ વાંધો ઉઠાવ્યો છે.

સંસદના ચોમાસા સત્રમાં બિહારમાં એસઆઈઆર પર અનેક વિપક્ષી પક્ષો દ્વારા જોરદાર વિરોધ પણ જોવા મળ્યો હતો, જેના કારણે સંસદમાં દરરોજ વિક્ષેપ પડ્યો હતો.

રિજિજુએ એક્સ પર જણાવ્યું હતું કે, ''ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજીએ સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બર 2025થી 19 ડિસેમ્બર 2025 સુધી (સંસદીય કાર્યકાળની આવશ્યકતાઓને આધીન) બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી છે.''

રિજિજુએ કહ્યું હતું કે, ''આપણા લોકશાહીને મજબૂત બનાવતા અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરતા રચનાત્મક અને સાર્થક સત્રની આશા રાખી રહ્યા છીએ.''

શિયાળુ સત્રની દિશા 14 નવેમ્બરના રોજ બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો દ્વારા નક્કી થશે, જ્યાં શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) વિપક્ષી મહાગઠબંધન સાથે સખત સ્પર્ધામાં છે. ભારતે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યા પછી ઘણા વિરોધ પક્ષો પણ અમેરિકાના

...અનુસંધાન પાના 11 પર

# ચંદ્રના ધ્રુવો પર થીજેલું પાણી હોવાનું દર્શાવતો ચંદ્રયાન-૨એ મોકલેલો ડેટા

**ચંદ્રયાનના** ઓર્બિટરે છેલ્લા પાંચ વર્ષમાં ૧૪૦૦ ડેટા સેટ્સ મોકલ્યા જેમાં કેટલીક મૂલ્યવાન માહિતી છે

**આ** ડેટા હવે જાહેર જનતા અભ્યાસ કરી શકે તે માટે પણ ખુલ્લો મૂકાયો



**બેંગલુરુ, તા. ૮:** ઈસરોના ચંદ્રયાન-૨નું ઓર્બિટર ચંદ્રની ફરતે ૨૦૧૯થી ફરી રહ્યુ છે અને તેણે આ સમયગાળામાં ઘણી મૂલ્યવાન માહિતી મોકલી છે જેનું વિશ્લેષણ કરતા જણાયું છે કે ચંદ્રના ધ્રુવો પર થીજેલું પાણી છે અને ચંદ્રની ધરતીમાં કેટલાક મૂલ્યવાન ખનિજો પણ હોઇ શકે છે.

ISROના નિવેદન મુજબ, ચંદ્રયાન-2 ઓર્બિટર 2019 થી ચંદ્રની આસપાસ ભ્રમણકક્ષામાં છે અને ઉચ્ચ ગુણવત્તાનો ડેટા પ્રદાન કરી રહ્યું છે.

પેલોડ્સમાંથી એક, ડ્યુઅલ ફ્રીક્વન્સી સિન્થેટિક એપર્ચર રડાર (DFSAR), એ પહેલું સાધન છે

...અનુસંધાન પાના 11 પર

## મોદી આવતા અઠવાડિયે ભૂટાનની મુલાકાત લેશે

**નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ):** વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા અને બંને દેશો દ્વારા સંયુક્ત રીતે વિકસિત મેગા હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવા મંગળવારે બે દિવસીય ભૂટાનની મુલાકાતે જશે. મોદી 11-12 નવેમ્બરની મુલાકાત દરમિયાન ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકને મળશે અને વડા પ્રધાન ત્શેરિંગ ટોબગે સાથે વ્યાપક વાટાઘાટો કરશે. વડા પ્રધાન ભૂટાનના ભૂતપૂર્વ રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકની 70મી જન્મજયંતિ નિમિત્તે યોજાનારી ઉજવણીમાં પણ હાજરી આપશે. વિદેશ મંત્રાલય (એમઈએ)એ શનિવારે જણાવ્યું હતું કે, ''આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે મિત્રતા અને સહયોગના ખાસ સંબંધોને મજબૂત બનાવવાનો છે.''

તા. ૦૮-૧૧-૨૦૨૫નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૨.૦° સે. | ૧૮.૬° સે. | ૪૦% |

હુમલાનો જડબાતોડ જવાબ આપવા તાલીબાનની ચેતવણી

# પાક.-અફઘાનિસ્તાન શાંતિ મંત્રણાનો ત્રીજો રાઉન્ડ નિષ્ફળ

**પાકિસ્તાન** બેજવાબદાર વલણ અપનાવતું હોવાનું તાલીબાન સરકારે જણાવ્યું

**પાકિસ્તાની** લશ્કરના કેટલાક તત્વો તનાવ સર્જી રહ્યા હોવાનો આક્ષેપ

**ઈસ્લામાબાદ/કાબુલ તા. 8:** પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે શાંતિ મંત્રણાનો ત્રીજો રાઉન્ડ શનિવારે કોઈપણ કરાર વિના સમાપ્ત થયો હતો. બંને દેશોએ વાટાઘાટોની નિષ્ફળતા માટે એકબીજાને દોષી ઠેરવ્યા હતા.

કતાર અને તુર્કીએ મધ્યસ્થી કરીને ઈસ્તંબુલમાં યોજાયેલી બે દિવસીય વાટાઘાટો દરમિયાન અફઘાન સરકારે પાકિસ્તાન પર બેજવાબદાર વલણ અપનાવવાનો આરોપ લગાવ્યો. આ સાથે જ તાલીબાન સરકારે મધ્યસ્થી કરવા બદલ કતાર અને તુર્કીનો આભાર પણ માન્યો હતો. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે કહ્યું હતું કે, ''અમને લાગ્યું કે પાકિસ્તાન વ્યવહારુ અને અમલમાં મૂકી શકાય તેવી શરતો રજૂ કરશે, જેનાથી મુદ્દાને ઉકેલશે.'' પ્રવક્તાએ કહ્યું કે ''પાકિસ્તાની લોકો અમારા ભાઈઓ અને મિત્રો છે, પરંતુ કોઈપણ હુમલાનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.'' પાકિસ્તાન સરકારે તાત્કાલિક આ નિવેદનનો જવાબ આપ્યો ન હતો. જોકે, પાકિસ્તાને શુક્રવારે કહ્યું હતું કે, ''વાટાઘાટોમાં વિવાદ વધી ગયો છે અને કોઈ પ્રગતિ થઈ નથી.'' તાલીબાન સરકારે અગાઉ નિવેદનમાં કહ્યું હતું કે પાકિસ્તાની લશ્કરના કેટલાક તત્વો તનાવ સર્જી રહ્યા છે.

9 ઓક્ટોબરથી શરૂ થયેલા સંઘર્ષ બાદ બંને પક્ષોએ 19 ઓક્ટોબરના રોજ કતારમાં યુદ્ધવિરામ પર હસ્તાક્ષર કર્યા હતા. 25થી 30 ઓક્ટોબર

...અનુસંધાન પાના 11 પર

# બિહારમાં રસ્તા પરથી વીવીપીએટી સ્લિપો મળી !

**ચૂંટણી** પંચે એઆરઓને સસ્પેન્ડ કર્યો

**ખુલાસો** કર્યો કે આ સ્લિપ મોક પોલની હતી



નવી દિલ્હી/સમસ્તીપુર, તા. 8

શનિવારે બિહારના સમસ્તીપુર જિલ્લાના સરાયરંજન વિધાનસભા ક્ષેત્રમાં કેએસઆર કોલેજ પાસે રસ્તાના કિનારે મોટી સંખ્યામાં ઈવીએમમાંથી નીકળતી વીવીપીએટી સ્લિપો ફેંકી દેવાયેલી મળી આવી હતી. રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) એ ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અને ચૂંટણી પંચની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

આરજેડીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, ''સમસ્તીપુરના સરાયરંજન વિધાનસભા ક્ષેત્રમાં કેએસઆર કોલેજ નજીક રસ્તા પર મોટી સંખ્યામાં ઈવીએમમાંથી નીકળતી વીવીપીએટી

...અનુસંધાન પાના 11 પર